# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ૩-, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

**Phone No: (0261)2662903, Fax No: 2662902, Email:suratdeo@gmail.com**

જા.નં.મા-૪/શૈ.અધિવેશન/૨૦૨૨-૨૩/૫૩૨ તા.૧૩/૦૧/૨૦૨૩

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ, સુરત શહેર જિલ્લા.

**વિષય-:** જિલ્લાના ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકોનું રાજ્ય કક્ષાનું શૈક્ષણિક અધિવેશન યોજવા બાબત.

**સંદર્ભ-:** ૧. કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મા:૨/૨૦૨૨/૩૫૮૨-૩૬૧૬ તા.૦૮/૦૬/૨૦૨૨
૨. કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરનો તા.૧૨/૦૧/૨૦૨૩ નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગાંધીનગરના તા.૧૨/૦૧/૨૦૨૩ ના પત્ર સંદર્ભે ગુજરાત રાજ્ય ઉચ્ચત્તર માધ્યમિક સંઘ મહામંડળનું કક્ષાનું અધિવેશન યોજવાની મંજુરીઆપવામાં આવે છે.

રાજ્ય કક્ષાનું શૈક્ષણિક અધિવેશન **તા.૧૮/૦૨/૨૦૨૩ થી ૧૯/૦૨/૨૦૨૩** એમ ૨(બે) દિવસ સુધી રાખવામાં આવેલ છે. જેનું **સ્થળ:- ચારૂતર યુનીવર્સીટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (ચારુસેટ) મુકામ ચાંગા, તા.પેટલાદ જિ.આનંદ** ખાતે રાખવામાં આવેલ છે. આ અધિવેશનમાં નિયમાનુસાર શિક્ષકોને મોકલવાના રહેશે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવના પરિશિષ્ટ-૨ (૧૪) ઈતર ખર્ચ માટે માન્ય ખર્ચ યાદી અને ક્રમ-૩૫ અનુસાર સેમીનાર/પરિષદ અન્વેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના આધારે પરિષદ માટેની ફી પ્રતિ શિક્ષક ૧૧૦૦/- (અંકે રૂપિયા અગિયાર સો પુરા) તથા શૈક્ષણિક અધિવેશનમાં હાજરી આપતા શિક્ષકોના પ્રવાસ ભથ્થાનો ખર્ચ શાળાની નિભાવ ગ્રાન્ટમાંથી નિયમાનુસાર મળવાપાત્ર થશે. જે અન્વેનો ખર્ચ શાળાની ગ્રાન્ટમાંથી નિયમાનુસાર મંજુર કરવાનો રહેશે.

સેમિનારમાં નીચે મુજબ વર્ગોની સંખ્યા પ્રમાણે શિક્ષકો ભાગ લઇ શકશે.

| વર્ગ સંખ્યા | સેમિનારમાં મંજુરી પાત્ર શિક્ષકોની સંખ્યા |
|---|---|
| ૧. | ૧. |
| ૨. | ૨. |
| ૩. | ૩. |
| ૪. | ૪. |
| ૫. | ૫. |

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ-સુરત

<u>નકલ રવાના :</u> ૧.પ્રમુખશ્રી, સુરત શહેર જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ.
૨.મંત્રીશ્રી, સુરત શહેર જિલ્લા ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષક સંઘ.